GT-12 / PAPER / 18
BGS

# પરિશિષ્ટ–૧
# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિદ્યાર્થી સુરક્ષા નિધિ

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સંલગ્ન કોલેજ તથા યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો તથા કોલેજોમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

૨. જે વિદ્યાર્થીઓએ એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ / સ્નાતક કે અનુસ્નાતક વિદ્યાર્થી તરીકે નોંધણી થઈ હોય અને જેણે વિદ્યાર્થી વિકાસ ફંડમાં નાણાં ભરેલ હોય અને તે ભર્યા બાબતનું પ્રમાણપત્ર જે તે કોલેજ/ભવન/ કેન્દ્રનાં વડાશ્રી પ્રમાણપત્ર આપેલ હોય તેવા જ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

૩. આ યોજનાનો અમલ તા.૧–૭–૨૦૦૨ બાદ નવા શૈક્ષણિક વર્ષ સને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષથી કરવામાં આવેલ છે.

૪. આ યોજનામાં દાખલ થયેલ વિદ્યાર્થીઓએ આ સાથેના નમૂનામાં પ્રપોઝલ ફોર્મ ભરીને જે તે કોલેજ/કેન્દ્ર/ભવનમાં રાખવાનું રહેશે અને વિદ્યાર્થીઓના નામનું લીસ્ટ યુનિવર્સિટીના વિદ્યાર્થી કલ્યાણ વિભાગમાં ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં પહોંચતા કરવાનાં રહેશે.

૫. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને નીચે મુજબની જોગવાઈ મુજબના જોખમો અને વળતરનો લાભ તા. ૨૧–૧૦–૨૦૧૧થી અમલમાં આવેલ નિયમ મુજબ આપવામાં આવશે. આ તારીખ અગાઉના દાવાઓ જુના નિયમ મુજબ મળવાપાત્ર થશે. નવા ફેરફારની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | વળતરની મળવાપાત્ર રકમ રૂપિયા |
|---|---|---|
| ૧. | અકસ્માતથી (એકસીડેન્ટ) મૃત્યુ | ૧,૦૦,૦૦૦/– |
| ૨. | કાયમી પુરી અપંગતા (અકસ્માતથી) | ૨૫,૦૦૦/– |
| ૩. | બે પગ / બે હાથ / બે આંખ (અકસ્માતથી) | ૨૫,૦૦૦/– |
| ૪. | એક હાથ અથવા એક પગ અથવા એક આંખ ગુમાવતા (અકસ્માતથી) | ૧૨,૫૦૦/– |

૬. ઉપર મુજબ કલમ ૧ થી ૪માં સમાવિષ્ટ થતાં વિદ્યાર્થીઓને ઉપર મુજબ કલમ નં.૫ મુજબ અકસ્માત થાય તો કલેઈમની જાણ સરકારી દવાખાનાના ડોકટર(આર.એમ.ઓ.સમક્ષ)ના મેડિકલ સર્ટિફીકેટ સાથે જે તે કોલેજના પ્રિન્સીપાલ / ભવનના વડા / કેન્દ્રના વડા મારફત રજૂ કરવાનો રહેશે.

૭. કલેઈમ પાત્ર વિદ્યાર્થી જે તે કોલેજ / ભવન / કેન્દ્રમાં રેગ્યુલર અભ્યાસ કરતો હોવો જોઈએ, એકસ સ્ટુડન્ટ તથા એકસ્ટર્નલ વિદ્યાર્થી આ લાભ મેળવી શકશે નહીં. તથા વખતોવખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એકેડેમીક વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ જે તે વર્ષના પ્રથમ અભ્યાસ સત્ર શરૂ થયાથી તેજ વર્ષનાં બીજા અભ્યાસ સત્રની અંતિમ તારીખ સુધી કે દરમ્યાન અકસ્માત મૃત્યુ પામનાર વિદ્યાર્થી જ કલેઈમને પાત્ર બની શકશે.

૮. યુનિવર્સિટીનાં વિદ્યાર્થી કલ્યાણ વિભાગમાં આવા કલેઈમના લીગલ પાસાંઓની નોંધ લઈ ઓડિટ કરાવીને કલેઈમ ચૂકવવા વ્યવસ્થા કરાશે.

૯. આ પ્રકારના કલેઈમ શકય હોય ત્યાં સુધી આ અંગે અલગ રાખવામાં આવેલ નાણાંકીય ડિપોઝીટના વ્યાજમાંથી ચૂકવણી કરવામાં આવશે તેમ છતાં વધુ રકમ થાય તો વિદ્યા વિકાસ ફંડમાંથી આવા કલેઈમ ચૂકવી શકાશે.

૧૦. આ ફંડ વિદ્યા વિકાસ ફંડમાંથી ફંડની દર નાણાંકીય વર્ષની આવકના ૨૦% રકમ ફાળવી ઉભું કરવાનું રહેશે અને આ આવકના વ્યાજમાંથી કલેઈમની રકમ ચૂકવવાની રહેશે અને હાલ તુરત હાલનાં ભંડોળનાં રૂા.૨૦ લાખ લાંબાગાળાની ડિપોઝીટમાં મુકી શરૂ કરવાનું રહેશે.

૧૧. આ નિયમોનાં અર્થઘટન અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો કુલપતિશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૨. આ વિમો અકસ્માત / અકસ્માતે મૃત્યુ થયું હોય તેવા કિસ્સામાં જ મળવાપાત્ર થશે.

**૧૩. આ વિમો/બિમારી સબબ કે કુદરતી રીતે મૃત્યુ થયું હોય અથવા તો આપઘાત કરેલ હોય તેવા કિસ્સામાં આ વિમાનો લાભ મળી શકશે નહીં.**

૧૪. તમામ અરજી જે તે ભવનના વડા અથવા કોલેજોના આચાર્યશ્રી મારફતે જ મોકલવાની રહેશે. અધુરી વિગતોવાળુ ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વિકારવામાં આવશે નહિ તથા તમામ દસ્તાવેજો આચાર્ય અથવા ભવન/સેન્ટર વડાશ્રી દ્વારા પ્રમાણિત કરી તેમના સહિ સિકકા સાથે તથા થયેલ ઘટનાની સ્થાનિક સ્તરેથી ખરાઈ કરીને તેને લગતો એક પત્ર શારીરિક શિક્ષણ વિભાગને મોકલવાનો રહેશે. ત્યાર બાદ જ આ વિભાગ દ્વારા કલેઈમની કાર્યવાહી કરવામાં આવશે.

**નીચે મુજબના આધારો ફોર્મ ભરતી વખતે જોડવાના રહેશે**

| | | | |
|---|---|---|---|
| ૧. | એફ.આર.આઈની નકલ | ૨. | પી.એમ.રિપોર્ટની નકલ |
| ૩. | કોલેજ એનરોલમેન્ટ લીસ્ટની નકલ | ૪. | વિકાસ ફી ભરેલ પહોંચની નકલ |
| ૫. | વિદ્યાર્થીનું કોલેજનું ઓળખપત્ર | ૬. | સ્કુલ લીવીંગ સર્ટિફીકેટની નકલ |
| ૭. | રેશનકાર્ડની નકલ | ૮. | કોલેજના લેટરપેડ પર આચાર્યશ્રીના સહિ સિકકાવાળુ પ્રમાણપત્ર |
| ૯. | મરણનાં દાખલાની પ્રમાણિત કરેલ નકલ | ૧૦. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિદ્યાર્થી સુરક્ષા નિધિનું ફોર્મ સહી–સિકકાવાળુ ફોર્મ |
| ૧૧. | નિયત નમુનામાં અરજી | ૧૨ | ઘટના અંગેનો ખરાઈ પત્ર |

**નોંધ :–** ઉપરોકત ૧ થી ૧ માં જણાવેલ વિગતો પુરેપુરી ભરીને જરૂરી પૂરાવા, આ આધારો અને ચેક લીસ્ટ ડેતનું અરજીપત્રક આ વિભાગને મોકલી આપવાનું રહેશે. અધૂરા ફોર્મ બાબત કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરવામાં આવશે નહિં જેની નોંધ લેવા વિનંતિ.